# ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન

બહુમાળી ભવન,પ્રથમમાળ,સેક્ટર–૧૧,ગાંધીનગર, ૩૮૨૦૧૧
ફોન નંબર–૦૭૯ ૨૩૨ ૨૦૪૪૦, ફેક્સ નંબર–૦૭૯ ૨૩૨ ૨૧૪૧૯
Email: gmc8gandhinagar@gmail.com


નમૂના - ઘ ( નિયમ - ૧૦ )

## રિવાઈઝ વિકાસ માટે પરવાનગી

શ્રી શાલીન ડેવલોપર્સ પેઢીના ભાગીદારો વતી શ્રી પ્રકાશભાઈ રામભાઈ પટેલ પોતે તથા અન્યના પાવર ઓફ હોલ્ડર
પ્લોટ નં. –૦૨, સેક્ટર-૧૧, ગાંધીનગર.

ને વાણીજ્ય હેતુ માટે

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ ( સન ૧૯૭૬નાં રાષ્ટ્રપતિ અધિનિયમ નં.૨૭) ની કલમ - ૨૯ (૧) (૧), ૨૯ (૧) (૨), ૪૯ (૧) (ખ) હેઠળ મોજે ગામ:- ગાંધીનગર તાલુકો : ગાંધીનગર જીલ્લો : ગાંધીનગર નગર રચના યોજના નંબર હિસ્સા નંબર:- ------ સેક્ટર નંબર: ૧૧, રે.સ.નં./પ્લોટ નંબર- ૦૨ માટે ૧૦૦૦.૦૦ ચો.મી. જમીનમાં તેમની હદમાં નીચે વર્ણન કર્યા પ્રમાણે આ સાથેની શરતોને આધિન રિવાઈઝ વિકાસ પરવાનગી આપવામાંઆવે છે.

કામનુ વર્ણન :

| અ.નં. | ફ્લોર (માળ) | બાંધકામ (બિલ્ટઅપ) નું ઉપયોગી ક્ષેત્રફળ ચો.મી. | બાંધકામનો ઉપયોગ | એકમની સંખ્યા | રીમાર્ક્સ |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | સેલર-૦૨ | ૬૬૨.૮૩ | પાર્કિંગ | = | અગાઉ અત્રેની કચેરીથી તા.૨૬/૧૦/૨૦૧૬ ના પત્ર નં.૧૨૨૪૯ થી વિકાસ પરવાનગી મેળવેલ છે. |
| ૨ | સેલર-૦૧ | ૬૬૨.૮૩ | પાર્કિંગ | = | |
| ૩ | ગ્રાઉન્ડ ફ્લોર | ૪૫૭.૨૫ | વાણીજ્ય | ૦૮ | |
| ૪ | ફર્સ્ટ ફ્લોર | ૪૫૭.૨૫ | વાણીજ્ય | ૦૯ | |
| ૫ | સેકન્ડ ફ્લોર | ૪૭૨.૦૦ | વાણીજ્ય | ૦૬ | |
| ૬ | થર્ડ ફ્લોર | ૪૭૨.૦૦ | વાણીજ્ય | ૦૬ | |
| ૭ | ફોર્થ ફ્લોર | ૪૭૨.૦૦ | વાણીજ્ય | ૦૬ | |
| ૮ | ફિફ્થ ફ્લોર | ૪૭૨.૦૦ | વાણીજ્ય | ૦૬ | |
| ૯ | સિક્થ ફ્લોર | ૪૭૨.૦૦ | વાણીજ્ય | ૦૬ | |
| ૧૦ | સેવંથ ફ્લોર | ૪૭૨.૦૦ | વાણીજ્ય | ૦૬ | |
| ૧૧ | સ્ટેર કેબિન/લિફ્ટ | ૪૪.૬૦ | = | = | |
| | કુલ | ૫૧૧૬.૭૬ | | ૫૩ | |

નોંધ : મા.મ્યુનિસિપલ કમિશનરશ્રીએ મંજુર કર્યા મુજબ

ક્રમાક : પી.આર.એમ/GMC/૨૫૮/૧૧/૦૯/૧૬-(૨)/7673

વપરાશ / વાણીજ્ય

તારીખ : 17 JUN 2017

ગાંધીનગર મહાનગરપાલિકા GANDHINAGAR MUNICIPAL CORPORATION

જુનિયર ટાઉન પ્લાનર
ગાંધીનગર મહાનગરપાલિકા

ખાસ શરતો :

૧. આ વિકાસ પરવાનગીથી જી.ડી.સી.આર ના વિનિયમ નં. ૪.૩ મુજબ તેમજ અન્ય લાગુ પડતા કાયદા / નિયમો અન્વયે પરવાનગીઓ મળતી નથી.

૨. વિકાસ પરવાનગી મેળવ્યા બાદ સ્થળ ઉપર શરૂ કરતાં પહેલા સાત દિવસ અગાઉ ફોર્મ નં.૨(ડી) નું એનેક્ષર સ્ટ્રક્ચરલ ડ્રોઈંગ્સ, વર્કીંગ ડ્રોઈંગ્સ તથા સોલર ઈન્વેસ્ટીગેશન રીપોર્ટસ નિયમોનુસાર રજુ કરવાના રહેશે.

૩. બાંધકામના નીચેના દરેક તબક્કે ફોર્મ નં ૬(એ) થી ૬(ડી)માં દર્શાવ્યા મુજબનું પ્રોગ્રેસ સર્ટીફીકેટ રજુ કરવાનું રહેશે. અને સત્તામંડળ તરફથી પરવાનગી મેળવ્યા બાદ જ આગળના તબક્કાનું બાંધકામ શરૂ કરવાનું રહેશે

અ. પ્લીન્થ અથવા ભોંયરાનું બાંધકામ હોય તો ભોંયરા ઉપરનો સ્લેબ ભરવામાં આવે તે પહેલા.

બ. પ્રથમ માળનાં બાંધકામ વખતે.

ક. છેલ્લા માળનાં બાંધકામ વખતે.

૪. જી.ડી.સી.આરની જોગવાઈ તથા સરકારશ્રીના તા.૨૯-૦૫-૨૦૦૧ના સ્ટકચર સેફ્ટી અંગેના વિનિમય નં. ૩ અનુસાર બાંધકામ સ્થળની જરૂરિયાતોની જોગવાઈઓનું પાલન થયેથી જ સ્થળ ઉપર બાંધકામ શરુ કરાવવાનું રહેશે.

૫. સેપ્ટીક ટેંક તથા સોક્વેલની સાઈઝ તથા સંખ્યા નેશનલ બિલ્ડીંગ કોડ (આઈએસ ૨૪૭૦)તથા સિવિલ એન્જીનિયરીંગ હેન્ડબુક બાયખન્ના મુજબ ડ્રેનેજ લે-આઉટમાં દર્શાવાના રહેશે.તે અનુસારની જોગવાઈ કરવાની જવાબદારી આર્કિટેકટ/ઈજનેર/સ્ટકચરલ એન્જીનિયર/ક્લાર્ક ઓફ વર્કસ/સાઈટ સુપરવાઈઝર/ડેવલપર/જમીન માલિકની રહેશે.

૬. વિકાસ પરવાનગી પત્ર તથા મંજુર થયેલ નકશાઓનો એક સેટ સ્થળ ઉપર પ્રસિધ્ધ કરવાનો રહેશે.

૭. બાંધકામ પુર્ણ થયા બાદ બાંધકામનો ઉપયોગ શરુ કરતા પહેલા નિયમાનુસાર અત્રેથી બાંધકામનાં વપરાશ અંગેનું પ્રમાણપત્ર મેળવ્યા બાદ જ વપરાશ શરુ કરવાનો રહેશે.

શરતો :

૧. વિકાસ પરવાનગી પત્રમાં દર્શાવેલ શરતોમાંથી કોઈપણ શરતોનો ભંગ કરવામાં આવશે તો ગાંધીનગર મહાનગરપાલિકા તે શરતોનો અમલ જવાબદાર ઇસમોના/સંસ્થાના ખર્ચે અને જોખમે કરાવી શકાશે અને ગાંધીનગર મહાનગરપાલિકાના તેવા કૃત્યને લીધે જે નુકશાન/ખોટ કે હરકત થાય તે બદલ કોઈપણ વળતર કે બદલો મળશે નહિ.

૨. આ પરવાનગીના કારણે અરજદારને માલિકી જમીનની હદ તથા જમીનના વિસ્તાર/ક્ષેત્રફળ અંગેની મંજૂરી મળતી નથી.પરંતુ બાંધકામ અંગેની મંજુરીઆપવામાં આવે છે.

૩. આ વિકાસ પરવાનગીથી ખાનગી હકો અંગે ગાંધીનગર મહાનગરપાલિકાની કોઈપણ જવાબદારી રહેતી નથી.

૪. મુસદ્દારૂપ નગર રચના યોજનામાં ફાળવવામાં આવેલ અંતિમ ખંડની હદ,માપ, ક્ષેત્રફળ, તથા ફાળવણી ટાઉન પ્લાનીંગ ઓફિસર દ્વારા ફેરફારને પાત્ર છે.

૫. પ્લોટની હદ,આંતરીક રસ્તા,કોમન પ્લોટમાં કોઈને અંતરાયરૂપ ન થાય તે રીતે યોગ્ય સ્થળોએ ૧૦૦.૦૦ ચો.મી. જમીન વિસ્તાર દીઠ એક વૃક્ષ ઉગાડવાના રહેશે.વૃક્ષોની ફરતે જરૂરિયાત મુજબ ટ્રી ગાર્ડ રાખી વૃક્ષોની સારસંભાળ રાખવાની જવાબદારી જમીન માલિક તથા વિકાસ પરવાનગી મેળવનારની રહેશે.

૬. લે-આઉટ માં દર્શાવેલ તમામ આંતરીક રસ્તાઓ પાકા કરવાના રહેશે.

૭. વખતો વખત ગાંધીનગર મહાનગરપાલિકા તરફથી વિકાસ માટેના જે નિયમો તથા જાહેરાત કરાય તે જમીન માલિક,હિતસંબંધ ધરાવતી વ્યક્તિ,સંસ્થા તેમજ અરજદારોને બંધનકર્તા રહેશે.

૮. સદર વિકાસ પરવાનગી અન્વયે જમીન માલિકીમાં ફેરફાર થાય અથવા આ પરવાનગી સાથે સંકળાયેલા રજીસ્ટ્રેશન ધરાવતી કોઈ વ્યક્તિ બદલાય તો નવા જમીન માલિકી અંગેના પુરાવા રજુ કરે ત્યા સુધી તથા રજીસ્ટ્રેશન ધરાવતી નવી વ્યક્તિની નિમણુંક ન થાય ત્યાં સુધી જી.ડી.સી.આર. ના વિનિમય મુજબ વિકાસ પરવાનગી નિલંબીત ગણાશે. સદરહું દરમ્યાન થયેલ બાંધકામ બિનઅધિકૃત ગણાશે.

૯. સરકારશ્રીના તા.૨૯/૦૫/૨૦૦૧ ના સ્ટકચરલ સેફ્ટી અંગેના એનેક્ષરના વિનયમ ૧૩.૧૪૩.૧૫ની જોગવાઈ અનુસાર ભુકંપ અંગેની સુરક્ષા, ચકવાત અંગેની સુરક્ષા, બાંધકામ તથા બાંધકામમાંવપરાતા ઈમારતી માલ સામાનની ગુણવત્તા અને ચકાસણી, બાંધકામની સ્થિરતા તથા આગ અંગની સલામતી તેમજ અન્ય ભયજનક બાબતો અંગે નિષ્ણાતોની સલાહ સુચનો મુજબ પગલાં તમામ જવાબદારી આર્કિટેક/ઈજનેર/સ્ટ્રકચરલ- એન્જીનીયર / ક્લાર્ક ઓફ વર્કસ / સુપરવાઈઝર / ડેવલપર / જમીન માલિકની રહેશે.

૧૦. આ વિકાસ પરવાનગી પત્રમંજુર આપ્યા તારીખથીબાર માસ સુધી જ અમલના રહેશે.ત્યારબાદ અધિનિયમની કમલ ૩૨ મુજબ વિકાસ પરવાનગીની મુદતવધારવાની પૂર્વ મંજુરી મેળવી લેવાની રહેશે.

૧૧. ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ૦-૧૯૭૬ની કલમ-૩૩ મુજબ વિકાસ યોજનામાં જો કોઈ ફેરફાર થાય તો ગાંધીનગર મહાનગરપાલિકા આપેલ વિકાસ પરવાનગીમાં ફેરફાર કરી શકાશે અથવા વોકાસ પરવાનગી રદ કરી શકાશે.

૧૨. જી.ડી.સી.આર.ના વિનિમય ૩.૮ મુજબ અરજદારશ્રીએ ખોટીરીતે રજુઆત અથવા ખોટા દસ્તાવેજો પુરાવા રજુ કરેલ હશે તો આપેલ વિકાસ પરવાનગી આપો આપ રદ થયેલ ગણાશે.

૧૩. કોઈ સ્પેશીયલ પ્રકારનુ જોખમ જણાશે તો ફાયર અધિકારીની સુચનાં મુજબ કરવાનુ રહેશે.

૧૪. અરજદારશ્રીએ તા.૦૨/૦૬/૨૦૧૭નાં રોજથી અત્રે આપેલ બાંહેધરીનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. સદર બાંહેધરીનો ભંગ કર્યેથી અપાયેલ રીવાંઈઝ વિકાસ પરવાનગી આપો આપ રદ્દ ગણવામાં આવશે

૧૫. સદર પ્લોટ માટે ફાળવેલ સનદની તમામ શરતો બંધનકર્તા રહેશે.

૧૬. સરકારશ્રીના તા.૧૭/૦૫/૨૦૧૭ના પત્ર અન્વયે, તા.૦૮/૦૫/૨૦૧૭ના પ્રાથમિક જાહેરનામાથી કરાયેલ સુધારા મુજબના જી.ડી.સી.આર.ની જોગવાઈ મુજબ આખરી જાહેરનામાને આધીન વિકાસ પરવાનગી આપવામાં આવે છે.